૫૦૨/૩,૮૩૨

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

# સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૧૪)

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૪ : ૧૫) **સત્સંગ પરિચય - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૭૫)

## વિભાગ - ૧ : કિશોર સત્સંગ પરિચય - દસમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૯

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''અક્ષરપુરુષોત્તમ સારુ મુંડાવ્યું છે ને તેમના સારુ દુઃખો સહન કર્યાં છે.'' (૨૭)
૨. ''આટલું સીધું પૂરું નહીં થાય.'' (૪૨)
૩. ''એ બાપા ! મારશો નહિ અમારા સાધુને.'' (૬૮-૬૯)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. પ્રધાન પુત્રની વાત સાંભળી સાપ સ્તંભી ગયો. (૧૪)
૨. સુંદરજી સુથાર સાધુ થયા. (૫૪)
૩. શ્રીજીમહારાજે રામાનુજાનંદ સ્વામી અને નાના ગોપાળાનંદ સ્વામીને બાળક નથુની ઓળખ કરાવી. (૩૨-૩૩)

**પ્ર.૩** 'મૂર્તિપૂજા' (૧૨-૧૩ ) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. સ્વરૂપાનંદ સ્વામીને કોણે ક્યાં સમાધિ કરાવી ? (૮૨)
૨. શ્રીજીમહારાજે વરતાલના મહંત કોને બનાવ્યા ? (૭૨)
૩. વિશ્વાસઘાત કરવાથી શું થાય ? (૬)
૪. કાશીદાસને કોલ આપ્યા બાદ કેટલા વર્ષ પછી બોચાસણમાં મંદિર બંધાયું ? (૨૬)
૫. હિમરાજ શાહ કોણ હતા ? (૪૪)

**પ્ર.૫** 'કલ્યાણનો ખપ....' (૭૫-૭૭) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૮]

૧. જરકસીઓ જામો ....... મારે ભાવતા રે. (૭૫)
૨. આસન સાધી ....... મટાડે જમની. (૫૭)
૩. निर्मानमोहा ...... पदमव्ययं तत् ॥ (૮૮)
૪. विधिशंभु ...... भजे सदा ॥ - શ્લોકનું ગુજરાતી ભાષાંતર લખો. (૩૧)

## વિભાગ - ૨ : પ્રાગજી ભક્ત - અગિયારમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૧

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''આપે મને ન્યાલ કર્યો છે.'' (૨૦)
૨. ''હું તો બધું ભણેલો છું.'' (૧)
૩. ''તમે તો સ્વામીનાં ચારેય આંચળ પી લીધા.'' (૫૧, ૫૩)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. ગણપતભાઈ મહુવાથી ભરૂચ આવવા વહાણમાં જ નીકળ્યા. (૪૭)
૨. પેટલાદમાં જમાદારે સંતોને ભગતજીની કેડે ફરવાનું કહ્યું. (૩૬)
૩. ભગતજીએ આચાર્ય મહારાજને ભગવાનના સુખની વાત કરી. (૪૯)

**પ્ર.૯** 'સાધુનો કસબ' (૧૫, ૧૭) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. ખાંભડામાં સ્વામીએ સેવક પાસે કોને માટે શું મંગાવ્યું ? (૭)
૨. ઊના જતાં રસ્તામાં પ્રાગજી ભક્તે સ્વામીને શું પ્રાર્થના કરી ? (૨૭)
૩. ભગતજીએ વાંસદાના દીવાનને શું વચન આપ્યું ? (૪૩)
૪. ભગતજીએ સંતોને કોની આજ્ઞામાં રહેવા માટે આજ્ઞા કરી ? (૩૯)
૫. ભગતજી સાથે મહુવાના હરિભક્તો કઈ નદીમાં ચાલી નીકળ્યા હતા ? (૫૭)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પરિચય-૨''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | | મહિનો | | વર્ષ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | | | | | | | | |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ભગતજી મહારાજે ગુરુની કરેલી વ્યાખ્યાઓ. (૫૪)

(૧) ☐ અંતરનું અજ્ઞાન ટાળે તે ગુરુ

(૨) ☐ જે બહાર તથા માંહી પવિત્ર હોય તે ગુરુ

(૩) ☐ જેને જોઈને વૃત્તિ સ્થિર થાય તે ગુરુ

(૪) ☐ પોતાના આશ્રિતના દોષ ટાળી શુદ્ધ કરે તે ગુરુ

૨. જેને એકાંતિક ધર્મ સિદ્ધ કરવો હોય તેણે (૪૪)

(૧) ☐ બ્રહ્મચર્ય દૃઢ પાળવું. (૨) ☐ ધારણાં-પારણાં કરવા.

(૩) ☐ ભગવાનનું ધ્યાન કરવું. (૪) ☐ અખંડ ભજન કરવું.

૩. ગુરુ વચને ચૂરેચૂરા (૯, ૧૧)

(૧) ☐ મંદિરના પાયા ખોદવામાં તનતોડ મહેનત કરી.

(૨) ☐ રેતી ધોઈને પાયામાં નાખવાનું કપરું કામ એકલે હાથે પાર પાડ્યું.

(૩) ☐ હવાડામાં ચૂનો ને પાણી ભેગાં કરી પગથી કચરતાં.

(૪) ☐ પાંચ દિવસની અવિરત મહેનતથી ચૂનાની ભઠ્ઠી ભરી.

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૬]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ : **જૂનાગઢમાં અપૂર્વ સન્માન :-** જૂનાગઢના અમીન હરિભક્ત આચાર્ય જટાશંકરે પોતાના શિષ્ય મણિલાલ ભટ્ટને કહ્યું, 'આ જાગા ભક્ત જેવા મોચી ગાદી ઉપર બેસે અને આચાર્ય એમને દંડવત્ કરે છે.'

જવાબ : **જૂનાગઢમાં અપૂર્વ સન્માન :-** જૂનાગઢના **નાગર** હરિભક્ત **ડૉ. ઉમિયાશંકરે** પોતાના **ગુરુ બાળમુકુંદદાસજીને પૂછ્યું,** 'આ **પ્રાગજી ભગત** જેવા **દરજી ઢોલિયા** ઉપર બેસે અને **સંતો** એમને દંડવત્ કરે છે.'

૧. **અક્ષરવરની માગણી :** ''મને તો તમારી ગાદી આપો, તમારું ઘર દેખાડો અને મારા જીવને સાધુ બનાવો.'' (૯)

૨. **ભગતજીનું આકર્ષણ :** વડોદરામાં રાવસાહેબનાં પત્ની સવિતાબાને સાત દિવસ સુધી સમાધિમાં મહારાજ સાથે ભગતજીનાં દર્શન થયાં. (૪૬)

૩. **પ્રાગજી ભક્ત દ્વારા પ્રગટપણું :** ''ચાલીસ વર્ષ, આઠ માસ ને ચાર દિવસ અહીં રહ્યા. હવે સત્સંગમાં ફરશું ને ગોંડલ જઈને રહીશું.'' (૩૧)

૪. **સત્સંગમાંથી વિમુખ :** આચાર્ય મહારાજે કહ્યું : ''પ્રાગજી વિમુખ છે, પણ એનાં દાળ શાક ક્યાં વિમુખ છે ? માટે એનું સીધું લઈ લો.'' (૨૯)

૫. **અક્ષરધામની કૂંચી પ્રાગજીને આપી છે. :** ગઢડામાં તો શામજી જ ધણી છે ને પાર્ષદ તે રૂપ થઈ ગયા છે ને તેને વશ છે. (૨૨)

૬. **સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના યોગમાં :** પ્રાગજી ભક્ત મહુવાથી ભાવનગર જઈને થોડું કામ શીખી આવ્યા. પછી આચાર્ય મહારાજ માટે સુંદર ટોપી અને અંગરખું બનાવ્યું. (૪)

❊ ❊ ❊

સૂચના :- **આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ જુલાઈ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાનાં પાનાં જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં. અસ્પષ્ટ અને ઉકેલી ન શકાય તેવા જવાબો માન્ય ગણાશે નહિ. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન કોઈ પણ પરીક્ષાર્થીએ મોબાઈલ ફોન તથા ઈલેક્ટ્રોનિક સાધનો જેવાં કે ટેબ્લેટ, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવો નહિ તથા પોતાની પાસે રાખવા પણ નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**